**<u>વિભાગ-૧ની નવી બાબત ૨૦૧૪-૧૫</u>**

ઔદ્યોગિક તાલિમ સંસ્થાઓમાં ચાલતાં
કોમ્પ્યુટરના અભ્યસક્રમોમાં તાલીમ મેળવતાં
તાલીમાર્થીઓને ટેબલેટ (TABLET) ભેટ
આપવા માટે વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર

શ્રમ અને રોજગાર વિભાગ

ઠરાવ ક્રમાંકઃ-તલમ/૧૨૨૦૧૪/૨૧૭૩૩૦/R-2

સચિવાલય,ગાંધીનગર

તા.૨૭/૮/૨૦૧૪

વંચાણમાં લીધોઃ-

૧. નિયામકશ્રી રોજગાર અને તાલીમના તા.૨૮/૪/૧૪ના પત્ર ક્રમાંકઃ-રોતાક/સીટીએસ/ય-૧/૨૦૧૪/૫૩
IWDMS No 397194

૨. નિયામકશ્રી રોજગાર અને તાલીમના તા.૦૭/૬/૧૪ના પત્ર ક્રમાંકઃ- રોતાક/સીટીએસ/ય-૧/૨૦૧૪/૬૫
IWDMS No 392767

ઠરાવઃ-

રાજ્યના દિન પ્રતિદિન થતા ઔદ્યોગિક વિકાસને ધ્યાને લઇ, કૌશલ્ય વિકાસની તાલીમ દ્વારા કૌશલ્ય વર્ધન, માટે સંગઠિત અને અસંગઠિત ક્ષેત્રમાં જરૂરી એવી ફોર્મલ કે ઇનફોર્મલ પ્રકારની અદ્યતન પધ્ધતિની તાલીમ દ્વારા માનવ શક્તિને તાલીમબધ્ધ કરવાની યોજનાને નક્કર સ્વરૂપ આપવા માટે રાજ્યમાં ચાલુ ઔદ્યોગિક તાલિમ સંસ્થાઓ અને કૌશલ્ય વર્ધન તાલીમ કેન્દ્રમા VIRTUAL CLASS ROOM શરૂ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ છે.. હાલમાં રાજયમાં ૨૬૩ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં કુલઃ ૧૧૧૯૭૨ બેઠકો મંજૂર કરવામાં આવેલ છે. હાલની કાર્યરત ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં અદ્યતન પધ્ધતિની કોમ્પ્યુટરની તાલીમ વ્યવસાય/ ટ્રેડ (COPA) માં. કોમ્પ્યુટર સંલગ્ન વિવિધ પ્રકારના આઠ વ્યવસાયોમાં કુલ ૧૫૦૦૦ બેઠકો મંજૂર થયેલ છે. આયુક્તશ્રી, રોજગાર અને તાલીમની દરખાસ્ત મુજબ રાજ્યની આઇ.ટી.આઇ. ના તાલીમાર્થીઓમાં કોપા ટ્રેડમાં તાલીમ મેળવતાં તાલીમાર્થીને પ્રોત્સાહક પ્રવૃતિ તરીકે અને જ્ઞાન મેળવી તેનો તાલીમમાં ઉપયોગ કરી શકે, તથા તેમનું શૈક્ષણિક માનસિક તેમજ સામાજિક રીતે સ્તર સુધરે અને પોતાના વ્યવસાયમાં મદદરૂપ થાય તે માટે યોગ્ય સોફ્ટવેર નાંખેલા ટેબલેટ આપવામાં આવશે. જેમાં એક ટેબલેટ ની અંદાજિત કિંમત રૂ. ૬૦૦૦/- નક્કી કરવામાં આવેલ છે. ટેબલેટની ખરીદી કરવા સને ૨૦૧૪-૨૦૧૫ના વિભાગ-૧ની નવી

બાબતની વહીવટી મંજુરી આપી આ યોજના હેઠળ અંદાજપત્રમાં રૂ. ૯૦૦-૦૦/- લાખ<u>ની જોગવાઇ કરવામાં આવેલ છે.</u>

આથી પુખ્ત વિચારણાના અંતે રાજ્યની આઇ.ટી.આઇ.માં COPA ટ્રેડમાં તાલીમ મેળવતાં તાલીમાર્થીને એક ટેબલેટ (TABLET) આપવાનું રહેશે, અને <u>તાલીમાર્થી COPA ટ્રેડમાં તાલીમ બાદની પરિક્ષામાં ઉતિર્ણ થાય નહિં તો તાલીમાર્થી પાસેથી આ ટેબલેટ (TABLET) પરત મેળવી સંબંધિત ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં જમા લેવાની શરતે</u> નીચેના સદરે અને નીચે દર્શાવેલ શરતોને આધીન રૂ. ૯૦૦/-(અંકે રૂપિયા નવસો લાખ પુરા)ની વહીવટી મંજુરી આપવામાં આવે છે.

માંગણી નં. : ૫૭
મુખ્ય સદર. : ૨૨૩૦ શ્રમ અને રોજગાર
પેટા મુખ્ય સદર. : ૦૩ તાલીમ
ગૌણ સદર. : ૧૦૧ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ
પેટા સદર. : (૦૧)ઈ.એમ.પી.૧ સરકારી આઇ.ટી.આઇ.ઓમાં કારીગર તાલીમ યોજના (પ્લાન) રૂ. ૬૦૦/- લાખ

માંગણી નં. : ૯૬
મુખ્ય સદર. : ૨૨૩૦ શ્રમ અને રોજગાર
પેટા મુખ્ય સદર. : ૦૩ તાલીમ
ગૌણ સદર. : ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના
પેટા સદર. : (૦૧)ઈ.એમ.પી.૧ સરકારી આઇ.ટી.આઇ.ઓમાં કારીગર તાલીમ યોજના (પ્લાન) રૂ. ૬૦/- લાખ

માંગણી નં. : ૯૫
મુખ્ય સદર. : ૨૨૩૦ શ્રમ અને રોજગાર
પેટા મુખ્ય સદર. : ૦૩ તાલીમ
ગૌણ સદર. : ૧૦૧ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ
પેટા સદર. : (૦૧)ઈ.એમ.પી.૧ સરકારી આઇ.ટી.આઇ.ઓમાં કારીગર તાલીમ યોજના (પ્લાન) રૂ. ૨૪૦/- લાખ

**આ રકમમાંનો ખર્ચ નીચેની શરતોને આધિન અને ઉપરોકત બજેટ સદરે ઉધારવાનો રહેશે.**

(૧) આ દરખાસ્તનો વિભાગની પ્લાન સીલિંગની મર્યાદામાં સમાવેશ કરવાનો રહેશે. દરખાસ્તની રકમમાં ફેરફાર થાય તો તે અંગે નાણાં વિભાગની મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ ધ્વારા ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) આ મંજુરી અન્વયે જો કોઇ વસ્તુની ખરીદી/ખર્ચ કરવાનો હોય તો હયાત સાધન સામગ્રીની સમીક્ષા કરી જરૂરી હોય તેટલી ખરીદી સરકાર દ્વારા નિયત કરેલ પધ્ધતિ મુજબ કરવાની રહેશે.

(૩) આ મંજૂરી અન્વયે કરવાના થતાં ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૪) ઉધોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૯ના ઠરાવ ક્રમાંકઃ-એસપીઓ-૧૦૨૦૦૫-૧૪૦૭-છ ની જોગવાઇઓ/સુચનાઓ તથા વખતો વખત કરેલા ઠરાવોને અનુસરવાનું રહેશે.

(૫) આ  યોજના અંગેનો ખર્ચ તા.૧/૮/૨૦૧૪ પછીથી કરવાનો રહેશે.

(૬) આ યોજનામાં આઈ.ટી.સંબંધિત બાબતો અંગે ખર્ચ કરવાનો હોઇ, નિયમોનુંસાર SPC (IT) સમિતિ ની મંજૂરી મેળવવાની રહેશે.

(૭) આ કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૮) આ કામ માટે જો કોઇ બચત રહેવા પામે તો તે રકમનો ખર્ચ અન્ય કામ માટે ન કરતાં બચત સરકારશ્રીને સુપ્રત કરવાની રહેશે.

(૯). આ યોજના માટે કરવાની થતી ખરીદી રાજ્ય સરકારની ખરીદ પધ્ધતિ તથા પ્રવર્તમાન ધારાધોરણો અને નીતિ નિયમોનુસાર GIPL દ્વારા કરવાની સંપૂર્ણ જવાબદારી નિયામકશ્રી, રોજગાર અને તાલીમની રહેશે.

(૧૦) આ યોજના માટે કરવાની થતી ટેબલેટ (TABLET) ની ખરીદીમાં SPECIFICATION કે અન્ય બાબતે ટેકનીકલ પ્રશ્ન ઉપસ્થિત થાય તો સાયંસ અને ટેકનોલોજી વિભાગના પરામર્શમાં નિર્ણય લેવાનો રહેશે.

(૧૧) જે કામો માટેની જોગવાઇ હોય તે કામો માટેની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે. અન્ય કામો માટે આ રકમ વાપરી શકાશે નહિ.

**(૧૨) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.**

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૯/૮/૧૪ના રોજથી મળેલ અનુમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(જે.બી.પટેલ)
ઉપ સચિવ
શ્રમ અને રોજગાર વિભાગ

પ્રતિ

૧. નિયામક રોજગાર અને તાલીમ ગુ.રા. ડૉ જીવરાજ મહેતા ભવન ગાંધીનગર

૨.મહાલેખાકારશ્રી અમદાવાદ-રાજકોટ

૩ નિવાસી ઓડીટ અધિકારીશ્રી અમદાવાદ/ગાંધીનગર

૪.પગાર અને હિસાબી અધિકારીશ્રી અમદાવાદ/ ગાંધીનગર

૫. બજેટ શાખા. નાણાં વિભાગ સચિવાલય ગાંધીનગર

૬ નાણાં સોલાહકારશ્રી (શિ), નાણાં વિભાગ ગાંધીનગર

૭. બજેટ શાખા શ્રમ અને રોજગાર વિભાગ

૮. બજેટ શાખા , આદિજાતી વિકાસ વિભાગ.

૯. બજેટ શાખા . સામાજીક ન્યાય અને અધિકારીત વિભાગ

૧૦. સિલેક્ટ ફાઇલ ,' ર (૨) શાખા.

૧૧. નાયબ સેક્શન અધિકારીશ્રી / સિલેક્ટ ફાઇલ.

શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ:30/0૮/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંકઃ તલમ/૧૨૨૦૧૪/૨૧૬૩૩૦/ર(૨) નું સાધણ:

---

શેરાક્રમાંકઃરોતાનિ/સીટીએસ/ચ-૧/૨૦૧૪/
રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરી,
બ્લોક નંબરઃ૧/૩જો માળ,
ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર
તારીખ:૦૪/૦૯/૨૦૧૪

<u>નકલ રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ :</u>

૧. નાયબ નિયામકશ્રી(તાલીમ), પ્રાદેશિક કચેરી, અમદાવાદ/વડોદરા/રાજકોટ/સુરત તરફ જાણ તથા અપેક્ષિત કાર્યવાહી સારૂ.
૨. તમામ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓના વડાઓ તરફ સદર ઠરાવ અન્વયે જરૂરી કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવા સારૂ.
૩. તાલીમ પાંખની તમામ શાખાના શાખા અધિકારીશ્રીઓ તરફ વડી કચેરી, ગાંધીનગર.

નાયબ નિયામક(તાલીમ)
રોજગાર અને તાલીમ
ગાંધીનગર

NADIYA/ Rita sister m21ch/